ગાંધીનગર સમાચાર

જિલ્લામાં માત્ર ૭૫૬૮ ખેડૂતો જ ટપક સિંચાઈથી ખેતી કરી રહ્યા છે

# સે-૧૭ ચીપટાઈપની દુકાનો ગમે ત્યારે કડડભુસ થાય તેવી દહેશત

## દુકાનોના ધાબા તુટેલા : પોપડા પડતા જાનલેવા અકસ્માતની દહેશત : કલેકટરની સુચના છતા પાટનગર યોજના ભવનના અધિકારીઓની આંખ ઉઘડતી નથી







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૧૧

સે-૧૭ શોપિંગ સેન્ટરમાં સ્થિત ચીપ ટાઈપની દુકાનો ગમે ત્યારે જમીન દોસ્ત થાય તેમ છે. દુકાનોના ઘાબામાંથી મોટા મસ પોપડા ખરતા વેપારીઓ ઈજાગ્રસ્ત બન્યા હોવાના દાખલા છે. આ મામલે પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને રજુઆત કરવા છતા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. દુકાનોના રીનોવેશન માટે અસરગ્રસ્ત વેપારીઓ દ્વારા માંગ કરવામા આવી છે. આમછતા તંત્રના અધિકારીઓના પેટનુ પાણી હલતુ નથી. ભયજનક દુકાનોના ધાબા ગમે ત્યારે તુટી પડે તેમ હોવાથી જાનહાનિ થવાની પણ દહેશત પ્રવર્તી છે.

છેલ્લા ઘણાં સમયથી ચાર્જમાં ચાલતા પાટનગર યોજના ભવનનો વહીવટ ખાડે ગયો છે. મેન પાવર ન હોવાના ગણગણાંટ સાથે આમ નાગરિકોની રજુઆતોની તંત્રના અધિકારીઓ દ્વારા બિન્દાસ્ત રીતે અવગણના થઈ રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. પાટનગર યોજના ભવનમાં પણ ડિવિઝનલ કચેરીઓમાં ખાલી ખુરશી ટેબલો વચ્ચે અરજદારોની રજુઆતો સાંભળવામાં ગણ્યા ગાંઠ્યા અધિકારીઓને કોઈ રસ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સે-૧૭માં સ્થિત ચીપ ટાઈપની દુકાનો વેપારીઓ માટે જળુંબતો ખતરો બની ગઈ છે.અસરગ્રસ્ત વેપારી મંડળના પ્રમુખ રજુજી ગોલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સેકટરની ચીપ ટાઈપ શોપિંગની દુકાનો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેમ છે. દુકાનોના ધાબા તુટેલી હાલતમાં છે. જયારે ચોમાસા દરમિયાન પણ પાણી લીકેજ થવાની સાથે છતમાંથી મોટામસ પોપડા ખરે છે. આ અંગે વારંવાર કાર્યપાલક ઈજનેરને રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. કલેકટર કક્ષાએ રજુઆતના અંતે તાત્કાલિક દુકાનોનુ રીનોવેશન કરવા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૭મીએ પલ્સ પોલિયો અભિયાન

## ૦ થી ૫ વર્ષના આયુના ૧,૭૨,૩૨૯ બાળકોને આવરી લેવાશે ૭૯૫ બુથ અને ૯૬ મોબાઈલ ટીમો બનાવવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૭મીએ યોજાનાર પલ્સ પોલીસે અભિયાન દરમ્યાન ૧,૭૨,૩૨૯ બાળકોને આવરી લેવામાં આવશે. આ માટેનું સંપૂર્ણ આયોજન આરોગ્યતંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યું છે.

આ પલ્સ પોલિયો અભિયાનમાં આરોગ્યતંત્રના ૪ હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે. આ માટે જિલ્લામાં ૭૯૫ બુથ ઉભા કરવામાં આવશે તેમજ ૯૬ જેટલી મોબાઈલ ટીમો સેવાઓ આપશે.

જિલ્લામાં પ્રથમ દિવસે જ ૯૦ ટકાથી પણ વધુ બાળકોને આવરી લેવાનું આયોજન છે. જિલ્લાના ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને આવરી લેવાનું આયોજન હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે ૧૭ જાન્યુઆરી બાદ પણ બે દિવસ દરમ્યાન રહી ગયેલા તમામ બાળકોને આવરી લેવામાં આવશે.

છેલ્લા એક દસકામાં એક પણ પોલિયોનો કેસ નહિ નોંધાયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. આ માટે ૧૨,૩૨૮ વેક્સીનના ડોઝની જરૂરિયાત રહેશે અને તે જથ્થો જિલ્લાને મળી ગયો છે તેમજ દરેક ગામે તે ફાળવી પણ આપવામાં આવ્યો છે.

આ અભિયાન માટે ૧૭૦ જેટલા વાહનોની જરૂરિયાત રહેશે તેનું પણ આયોજન કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત દરેક તાલુકામાં મોનીટરીંગ માટે અધિકારીઓની નિયુક્તી કરવામાં આવશે.

જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનને સફળ બનાવા માટે સ્વૈચ્છીક સંસ્થાઓનો પણ સહયોગ લેવામાં આવ્યો છે તેમજ આ અંગે લોક-જાગૃતિ માટે બેઠકોનો દોર પણ જિલ્લામાં આરંભાઈ ચુક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

# ઉદ્યાનોની હરિયાળીમાં તાજગી આવશે પાર્કીંગ પ્લેસનો મામલો ગુંચવાયેલો

ગાંધીનગર તા ૧૧

શહેરમાં ઉદ્યાનોને પાણી પુરુ પાડવા માટે સરગાસણ ખાતે શુધ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે. જયારે હાલ શહેરના વિવિધ સાત ઉદ્યાનો કોર્પોરેશનને સોંપવામાં આવ્યા છે. ત્યારે આ બગીચાઓની હરિયાળી નિખરે તે માટે પણ નવતર આયોજન કરવામાં આવ્યુ છે. મહાનગરપાલિકા દ્વારા નર્સરીમાંથી નાના બીજનુ રોપાણ કરી ઉદ્યાનોની રોનક પાછી લાવવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.

ગાંધીનગરમાં જાળવણીના અભાવે ઉદ્યાનોની દશા બેઠી છે. સેકટરોના મોટાભાગના બગીચાઓ મરણપથારીએ છે.ત્યારે અગાઉ શહેરના વિવિધ સાત જેટલા બગીચાઓ કોર્પોરેશનને સોંપવામાં આવી છે. જેમાં સે-૧,સે-૯,,૭,૨૪,૨૭,૨૮ અને સરિતા ઉદ્યાનની જાળવણીનુ કામ મહાનગરપાલિકા સંભાળે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્વ. નાથુબા વાઘેલાની પ્રાર્થના સભામાં રાજ્યપાલ, મુખ્યમંત્રી પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧૧

વિધાનસભા વિપક્ષના નેતા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાના માતુશ્રી નાથુબાના થયેલા અવસાન અંગે આજે યોજાયેલ પ્રાર્થનાસભામાં રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, વિપક્ષના પૂર્વ નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ મહેતા, અનેક મહાનુભાવો જોડાયા હતા.



ગાંધીનગર નજીક શ્રી વાઘેલાના વતન વાસણ ખાતે યોજાયેલ આ પ્રાર્થના સભામાં ભાજપના જુના અને નવા કાર્યકરો, કોંગ્રેસના જિલ્લા,



અમદાવાદ શહેર, સુરત, ખેડા, રાજકોટ, વડોદરાના આગેવાનો પણ મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭

# ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચમા વર્ષના અભ્યાસક્રમની એમ.સી.આઈ.ની મંજૂરી

## હવે આગામી દિવસોમાં મેડીકલ કોલેજના સંપૂર્ણ દરજ્જાની વિધિવત માન્યતા માટે ઈન્સ્પેકશન થશે, હોસ્પિટલને પણ કોર્પોરેટ લુક અપાશે : ૨૦૧૭ના અંત સુધીમાં હોસ્પિટલના નવિનીકરણની કાર્યવાહી સંપન્ન કરાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચમા વર્ષના અભ્યાસક્રમ માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ મંજુર આપી દેતાં હવે ગાંધીનગર મેડીકલ કોલેજ સંપૂર્ણ બની ગઈ છે. આ કોલેજની માન્યતા માટે હવે આગામી દિવસોમાં વિધિવત ઈન્સ્પેકશન આવશે.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ ગાંધીનગર મેડીકલ કોલેજની પાંચમા વર્ષના અભ્યાસક્રમની મંજૂરીને ગ્રાહ્ય રાખી છે. નવેમ્બર માસમાં આ માટે ઈન્સ્પેકશનની ટીમ આવી હતી તેના અહેવાલ પર વિચારણાને અંતે આ મંજૂરી આપી છે.

આજે આ અંગેની વિધિવત જાણ ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓને પણ કરી દેવામાં આવતાં તબીબી જગતમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. ૨૦૧૦માં શરૂ થયેલી આ કોલેજે

● અનુસંધાન પાન-૭ પર


# ૨૬મી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



પરમ પૂજ્ય બાપુજી, આપના ક્રાંતિકારી અને સિદ્ધાંતનિષ્ઠ, મક્કમ મનોબળ ધરકાવતા વિચારોભરી જિંદગીને હરપળ યાદી કરી આપના પથ પર ચાલવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ...

WE MISS YOU

સ્વ. કેશરીસિંહ ગોપાળસિંહ વાઘેલા

સ્વર્ગવાસ તા. ૧૨-૧-૧૯૯૦, પીંડારડા, તા. ગાંધીનગર

આપના સંતાનો

ગંભીરસિંહ કે. વાઘેલા (પુત્ર)
દિલીપસિંહ કે. વાઘેલા (પુત્ર)
મહેન્દ્રસિંહ કે. વાઘેલા (પુત્ર)
પ્રદ્યુમનસિંહ કે. વાઘેલા (પુત્ર)
ઉમેદબા એચ. રાઓલ (પુત્રી)
નંદકુંવરબા કે. ચાવડા (પુત્રી)
કૃષ્ણાબા ડી. ચાવડા (પુત્ર)

સમસ્ત વાઘેલા પરિવાર (પીંડારડા)




(તસવીર : કશ્યપ નિમાવત)

ગંદકીનું સામ્રાજ્ય - સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાડતી તસવીર, સેક્ટર-૧૪ બગીચા પાસે પથરાયેલા ગંદકીના ઢગ... આસપાસના વિસ્તારોમાં દુર્ગંધના ગોટેગોટા ઉડે છે... ઝુંપડાવાસીઓ માટે તો જાણી જાહેર શૌચાલય બન્યું હોય એવા આ વિસ્તાર માટે ન તંત્રને ચિંતા છે કે નગરસેવકોને.... સ્માર્ટસીટીની દિશામાં આગળ ધપવાની તાલાવેલીની સાથોસાથ સ્વચ્છ અને સુંદર નગરના સંકલ્પને સાકાર કરવાની પ્રતિબદ્ધતા પણ અનિવાર્ય છે...

# જિલ્લામાં માત્ર ૭૫૬૮ ખેડૂતો જ ટપક સિંચાઈથી ખેતી કરી રહ્યા છે

## ૧૧,૮૦૩ હેક્ટરમાં જ ટપક સિંચાઈ સુવિધા છે : સૌથી વધુ દહેગામમાં તો સૌથી ઓછી માણસા તાલુકામાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ટપક સિંચાઈ પદ્ધતિથી માત્ર ૭૫૬૮ ખેડૂતો જ ખેતી કરી રહ્યા છે અને વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો ૧૦ ટકા જેટલા વિસ્તારમાં જ ખેડૂતોએ આ પદ્ધતિ અપનાવી છે.

રાજ્ય સરકાર જળસંચયની સાથે સાથે ઓછા પિયતથી વધુ પાક મેળવવા માટે ટપક સિંચાઈ વ્યવસ્થા પર ભાર મુકી રહી છે ત્યારે જિલ્લામાં તેના નબળા પ્રતિસાદથી તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

ક્લાઈમેટ ચેઈન્જની અસરોને પગલે વરસાદના દિવસો ઘટવાની સાથે વરસાદના પ્રમાણમાં પણ સતત વધ-ઘટ થઈ રહી છે ત્યારે રાજ્ય સરકારે ખેડૂતો ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવે તે માટે વિવિધ પ્રોત્સાહનો પણ જાહેર કરેલા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૧,૮૦૩ હેક્ટરમાં જ ૭૫૬૮ ખેડૂતો દ્વારા આ ટપક પદ્ધતિ અપનાવવામાં આવી છે. જેમાં શિવપુરા કંપા, બબલપુરા, લવાડ ફાર્મ સૌથી અગ્રેસર છે. કૃષિ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૭૧૭૭ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૩૪૮૨ હેક્ટરમાં, માણસામાં ૪૯૨ હેક્ટરમાં અને કલોલમાં ૬૫૨ હેક્ટરમાં જ આ પદ્ધતિથી ખેતી થઈ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૫થી આ ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવા ખેડૂતોને માર્ગદર્શન આપી રહી છે. એક દસકા જેટલો સમય થયો હોવા છતાં જિલ્લામાં ૧૦ ટકા જેટલા પિયત વિસ્તાર ધરાવતા વિસ્તારમાં આ પદ્ધતિ અમલી બની શકી છે.

જિલ્લાના ખેડૂતો પરંપરાગત ખેતી પર વધુ આધાર રાખી રહ્યા છે તેમજ પ્રયોગશીલ ખેતીને હજુ અપનાવવામાં ઉદાસીન વલણ દાખવી રહ્યા છે તે એક કડવી વાસ્તવિકતા છે.

# ગિયર વગરના વાહનો માટે લાયસન્સ ઈસ્યુ કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરાશે

## આજે એસ ટી ડેપોમાં દૃષ્ટી ચકાસણી કેમ્પ : કડી કેમ્પસમાં વિદ્યાર્થીઓએ ટ્રાફિક નિયમન અંગે રસપ્રદ પ્રશ્નો પુછયા

ગાંધીનગર તા ૧૧

શહેરમાં માર્ગ સલામતી ઉજવણી અન્વયે ૧૬ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને ગિયરવગરના વાહનોનુ લાયસન્સ ઈસ્યુ કરવા આગામી દિવસોમાં ખાસ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીને અનુલક્ષી કડી કેમ્પસની શેઠ સી એમ હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓને રોડ સેફટી અંગે સમજણ પુરી પાડવામાં આવી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓએ સંબંધિત જાણકારી માટે પ્રશ્નોત્તરિ પણ કરી હતી.

આજે શહેરની સે-૨૩ કડી કેમ્પસમાં સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલમાં માર્ગ સલામતી સપ્તાહ અન્વયે શહેર વસાહત મહામંડળના સહયોગથી રોડ સેફટીની જાણકારી પુરી પાડવા એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં એ આર ટી ઓ ઋત્વિજા દાણી શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ તેમજ આર ટી ઓ ઈન્સપેકટરની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને માર્ગ સલામતીને સ્પર્શતા મુદ્દાઓ અંગે જાણકારી આપવામાં આવી હતી. જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના પ્રશ્નો પણ પુછયા હતા જેના ઉત્તરો આપી તેમને ટ્રાફિક નિયમન અંગે વિસ્તૃત જાણકારી પણ આપવામાં આવી હતી. શેઠ સી એમ હાઈસ્કુલના આચાર્ય બચુભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને પ્રાત્સાહીત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ચેતના બુચે કર્યુ હતુ. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે આજે સાંજે ૪ કલાકે એસ ટી ડેપોના ડ્રાઈવર કંડકટરની દ્રષ્ટી ચકાસણીનો કાર્યક્રમ યોજવામાં આવશે. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી બાદ આગામી સમયમાં ૧૬ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને ગિયરવગરના લાયસન્સ ઈસ્યુ કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.


ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com